ગ્રામ્ય પાણી પુરવઠા અને સ્વચ્છતા કાર્યક્રમ-
રાજયની ગ્રામીણ પાણી પુરવઠા યોજના
હેઠળ ગામના અંદર પાણી પુરવઠાની
યોજનાઓના અમલીકરણ બાબત

ઠરાવ ક્રમાંક : આરડબલ્યુએસ/૧૦૨૦૦૨/જીઓઆઇ/૨૫૫/ખ-૩

**ગુજરાત સરકાર**

નર્મદા જળ સંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ

બ્લોક નં. ૭ /૯ મો માળ,
સચિવાલય, ગાંધીનગર
તા. ૨૪-૦૯-૦૩

વંચાણે લીધા :- (૧) પેયજળ આપૂર્તિ વિભાગ, ગ્રામીણ વિકાસ મંત્રાલય, ભારત સરકાર દ્વારા ચાલુ કરેલ સ્વજલધારા કાર્યક્રમ
(૨) વિભાગના સરખા ક્રમાંકનો તા૦૫-૦૯-૦૩નો ઠરાવ

**પ્રસ્તાવના :-**

રાજ્યમાં ગ્રામ્ય વિસ્તારોમાં પીવાના પાણી સ્વચ્છતાની સુવિધાઓને લોક ભાગીદારીથી વધુ અસરકારક બનાવવા માટે, ભારત સરકારના ગ્રામિણ વિકાસ મંત્રાલય દ્વારા "સ્વજલધારા" યોજના શરૂ કરવામાં આવી છે. આ યોજના હેઠળ ગામની અંદરે પાણી પુરવઠાની કામગીરી, લોક ભાગીદારી અને સ્થાનિક સ્તરે ગ્રામ પંચાયત / પાણી સમિતિ દ્વારા હાથ ધરવા માટે જોગવાઇ કરવામાં આવેલ છે.

૨. રાજ્યની ગ્રામીણ પાણી પુરવઠા યોજનાઓને ભારત સરકાર દ્વારા શરૂ કરેલ" સ્વજલધારા" ના સિદ્ધાંતો મુજબ હાથ ધરવાની બાબત સરકારશ્રીના વિચારણામાં હતી.

**ઠરાવ :-**

ઉપરોક્ત બાબતે પૂખ્ત વિચારણાના અંતે રાજ્યની ગ્રામીણ પાણી પુરવઠા યોજનાઓનું નીચે મુજબ અમલીકરણ કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

i) રાજયની ગ્રામીણ પાણી પુરવઠા યોજના અન્વયે ગામની અંદરની પાણી પુરવઠા યોજનાનું અમલીકરણ "સ્વજલધારા" ના સિદ્ધાંતો મુજબ હાથ ધરવાનું રહેશે, જે માટે અગેના ઠરાવ ક્રમાંક આરડબલ્યુએસ/૧૦૨૦૦૨/જીઓઆઇ/૨૫૫/ ખ-૩ તા. ૦૫-૦૯-૦૩થી વિગતવાર ઠરાવ કરવામાં આવેલ છે.

ii) યોજનાની રકમના ૧૦% કિંમતનું યોગદાન ગ્રામ પંચાયત/ પાણી સમિતિ દ્વારા લોકભાગીદારીથી મેળવવાનું રહેશે.

iii) યોજનાની સઘળી જવાબદારી ગ્રામ પંચાયત/ પાણી સમિતિની રહેશે.

રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(ભરતલાલ)
સરકારના સંયુક્ત સચિવ

પ્રતિ,

- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (સર્વે) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સર્વે)નાઅંગતસચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (સર્વ), સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી (સર્વે), સચિવાલય, ગાંધીનગર
- સંયુક્ત સચિવ રાજીવગાંધી નેશનલ ડ્રીકીંગ વોટર મીશન, પેયજળ આપૂર્તિ વિભાગ, ગ્રામિણ વિકાસ મંત્રાલય ભારત સરકાર, નવી દિલ્હી
- વિકાસ કમિશ્નરશ્રી, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સભ્ય સચિવશ્રી, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વાસ્મો, જલસેવા ભવન, ગાંધીનગર.
- કલેક્ટરશ્રી (સર્વે)
- જીલ્લા વિકાસ અધિકારીશ્રી (સર્વે)
- સીલેક્ટ ફાઈલ.
- નાયબ સેકશન અધિકારીશ્રી, સીલેક્ટ ફાઈલ.